તા.૧૮/૧૨/૨૦૧૬

# નોટબંધીને કારણે ચોરીના રવાડે ચઢેલા ચાર ભંગારિયા ઝડપાયા

- **મહિના પહેલા સચિનના કારખાનામાંથી ૮.૫૮ લાખના કેબલની ચોરી કરી હતી**
- **ક્રાઇમ બ્રાંચે ચારેયને રૂા.૬.૬૯ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા**

સુરત, તા. ૧૭

સચિન જીઆઇડીસીમાં આવેલી એક કંપનીના ગોડાઉનમાંથી મહિના અગાઉ રૂ. ૮.૫૯ લાખ જેટલી કિંમતના કેબલ ચોરાયા હતા. ક્રાઇમ બ્રાંચે આ ચોરીનો ભેદ ઉકેલી નાંખી ચાર ભંગારિયાને પકડી પાડ્યા છે. નોટબંધીને કારણે આર્થિક તંગી અનુભવતા ચારેય જણાએ ચોરીનો કારસો રચ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ભટાર ચાર રસ્તા પાસે સમર્પણ એપાર્ટમેન્ટમાં ચોથા માળે સંજયભાઇ પૃથ્વીરાજ બોથરા તેમના પરિવાર સાથે રહે છે. સંજયભાઇની સચિન જીઆઇડીસીમાં રોડ નંબર ૫૬ ઉપર ફેક્ટરી છે. આ ફેક્ટરીમાં ૨૨મી નવેમ્બરની રાત્રિ દરમિયાન ચોરી થઇ હતી. ફેક્ટરીના ગોડાઉનમાંથી તસ્કરો અલગ અલગ પ્રકારના રૂ. ૮.૫૮ લાખની કિંમતના કોપરના કેબલ ચોરી ગયા હતા. જે અંગે સચિન જીઆઇડીસી પોલીસમાં ફરિયાદ નોંધાઇ હતી.

દરમિયાન ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ વી.વી.ભોલાની સ્ક્વોડ જીઆઇડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી બાતમીને આધારે રોડ નં.૭ પરથી દિનેશ ઉર્ફે જયેશ ઉર્ફે જયલો મેઘા જોગરાણા (રહે. રણછોડનગર, કીમ ચોકડી), કમલદેવ રામાધાર સિંગ (રહે. પાલીગામ, સચિન), સંજય છબીલદાસ રાણા (રહે. શિવટાઉનશિપ, ભાઠેના) અને અજયસિંગ ઉર્ફે બહાદુર ગણેશસિંગ ઠાકોર (રહે. સચિન જીઆઇડીસી)ને પકડી પાડ્યા હતા. પોલીસે તેઓ પાસેથી ચોરીના ૩ મોબાઇલ, કેબલના ૧૫ કોથળા, ટેમ્પો વગેરે મળી કુલ્લે રૂ. ૬.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ચારેય જણા ભંગારનો ધંધો કરતા હતા અને ૮-૧૧ બાદ નોટબંધીને કારણે ધંધો ઠપ્પ થઇ જતા તેઓ આર્થિક ભીંસ અનુભવતા હતા અને ચોરીના રવાડે ચઢી ગયા હોવાનું પોલીસનું કહેવું છે.